# ટ્યુશન જવાની ના પાડતા પુત્રીને માર મારી માતાનો આપઘાત

**પાસોદરામાં** માનસિક બીમારીથી કંટાળી વૃદ્ધાનું અગ્નિસ્નાન

સુરતઃ ડિંડોલીમાં ટ્યુશન જવાની ના પાડતા પુત્રીને માર મારી માતાએ પુત્રીની નજર સામે જ ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો.

મળતી માહિતી અનુસાર, મૂળ બિહારના વતની ઉત્તમકુમાર દાસ હાલ ડિંડોલી ખાતે આવેલા સરસ્વતીનગરમાં બે સંતાન સહિતના પરિવાર સાથે રહે છે અને તે સિલાઈ કામ કરે છે. ઉત્તમકુમારની 34 વર્ષીય પત્ની સુનિતા ગુસ્સાવાળા સ્વભાવની હતી. રવિવારે સાંજે તેની નાની પુત્રી ટ્યુશનમાં જવાની ના પાડતી હતી અને ઘરમાં તોફાન કરતી હતી. જેથી સુનિતાએ પુત્રીને માર મારી હતી. બાદમાં ગુસ્સામાં આવીને નાની પુત્રીની નજરની સામે સુનીતાએ ઘરમાં પંખા સાથે દુપટ્ટા બાંધીને ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ અંગે વધુ તપાસ ડિંડોલી પોલીસ કરી રહી છે.

પાસોદરામાં માનસિક બીમારીથી કંટાળીને વૃદ્ધાએ અગ્નિસ્નાન કરીને જીવન ટૂંકાવી લીધું હતું. મૂળ અમરેલી જિલ્લાના વતની અને હાલ પાસોદરા વિસ્તારમાં આવેલી શ્લોક રેસિડેન્સીમાં 80 વર્ષીય નંદુબેન સમજુભાઈ ડોબરીયા પતિ સાથે રહેતા હતા. તેઓને સંતાનમાં બે પુત્ર છે. નંદુબેન છેલ્લા ઘણા વર્ષોથી માનસિક બીમારીથી પીડાતા હતા. આજે વહેલી સવારે નંદુબેને પોતાની રૂમમાં અગ્નિસ્નાન કરી લીધું હતું. જ્યારે પુત્રવધુને કોઈક વસ્તુ બળવાની દુર્ગંધ આવતા તે નીચે આવી હતી. દરમ્યાન તેણીએ રૂમમાં જોતા ઘટનાની જાણ થઈ હતી. નંદુબેનનું ઘટનાસ્થળે મોત થયું હતું. નંદુબેને માનસિક બીમારીથી કંટાળીને આપઘાતનું પગલું ભર્યું હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું. આ અંગે વધુ તપાસ લસકાણા પોલીસ કરી રહી છે.

# નોટિસ-નોટિસ રમવાનું બંધ કરો

**અત્યાર** સુધી શું કરતાં હતાં? : મ્યુનિ. કમિશનરની લાલ આંખ

**સુરત** મનપાની મિલકતો પર ગેરકાયદે જાહેરાત કરનારા સામે કડક વલણ

સુરતઃ સુરત મહાનગરપાલિકાની મિલકતો પર કોઈપણ પ્રકારની મંજૂરી વિના જાહેરાતના બેનરો, પ્લેકાર્ડો કે પોસ્ટર્સ લગાવીને ધંધો કરતા આયોજકો અને એજન્સીઓ સામે મનપા કમિશનરે કડક વલણ અપનાવ્યું છે. સોમવારે મનપા કમિશનરે લીધેલી મીટિંગમાં તમામ ઝોનના ડેપ્યુટી આરોગ્ય અધિકારીઓ દ્વારા છેલ્લા 1 માસમાં સ્વચ્છતા સંબંધિત કરેલી કામગીરીનું પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું, જેમાં આરોગ્યની કામગીરી ઉપરાંત ફૂટપાથ રિપેરિંગ અને વોટર ટેબલ સેટિંગ જેવી ઈજનેરી કામગીરીને પણ આવરી લેવાઈ હતી. આ પ્રેઝન્ટેશન દરમિયાન સ્ટ્રીટ લાઈટના પોલ, ઝાડ અને મનપાની માલિકીની મિલકતો પર કોઈપણ મંજૂરી વિના ગેરકાયદે હોર્ડિંગ્સ, બેનરો અને પોસ્ટર્સ લાગેલા હોવાનું સ્પષ્ટપણે નજરે પડ્યું હતું. મનપા કમિશનરે પણ તેમની વિવિધ ઝોનની આકસ્મિક મુલાકાતો દરમિયાન જાહેર રોડ પર લાઈટના પોલ પર આવા બેનરો જોયા હોવાનું જણાવી આ અંગેની પોલિસી બાબતે અધિકારીઓ પાસે ખુલાસો માંગ્યો હતો.

મનપા કમિશનરે દરેક ઝોનને સ્પષ્ટ તાકીદ કરી છે કે વગર મંજૂરીએ ઝાડ, સ્ટ્રીટ લાઈટના પોલ કે મનપાની મિલકતની દીવાલો પર બેનર, નાના હોર્ડિંગ્સ કે પોસ્ટર્સ ચોંટાડનારી એજન્સી અથવા જે સંસ્થાની જાહેરાત હોય તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવે. સરકારી મિલકતોને નુકસાન પહોંચાડવા બદલ પોલીસ ફરિયાદ કરવા સુધીની સૂચના આપવામાં આવતા ઝોનના અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા. આ દરમિયાન કેટલાક અધિકારીઓએ નોટિસ આપવાનું સુચન કરતા કમિશનર વધુ અકળાયા હતા અને જણાવ્યું હતું કે હવે નોટિસ-નોટિસ રમવાનું બંધ કરો, અત્યાર સુધી શું કરતા હતા? તેમણે દરેક ઝોનમાં દાખલારૂપ 2થી 4 પોલીસ ફરિયાદ કરવા અને કુલ 10-10 આવા કેસ કરવા માટે આદેશ આપ્યો હતો, જેથી જવાબદારોને સીધો મેસેજ પહોંચે. જો કે, છેવટે અધિકારીઓની રજૂઆત બાદ હાલમાં પેનલ્ટી કરીને એજન્સીઓને કડક રીતે ચેતવવા માટે કમિશનરે સૂચના આપી છે.

## વેરા વસૂલાત ઝુંબેશ તીવ્ર કરવા તાકીદ

સુરત મહાનગરપાલિકાની આગામી ચૂંટણીઓની તૈયારીઓ વચ્ચે વહીવટી તંત્ર એક્શન મોડમાં આવ્યું છે. વર્ષ 2025-26ના રિવાઈઝડ બજેટ અને નાણાકીય હિસાબોની ઝીણવટભરી સમીક્ષા કરવામાં આવી હતી. ચાલુ નાણાકીય વર્ષમાં આશરે 5171 કરોડના ખર્ચ સામે 3657 કરોડના કેપિટલ ખર્ચની ફાળવણીને ધ્યાને રાખી કમિશનરે બાકી રહેલા સમયગાળામાં વિકાસકાર્યોને વેગ આપવા તાકીદ કરી હતી. ખાસ કરીને મહેસૂલી આવકના લક્ષ્યાંકોને હાંસલ કરવા અને વેરા વસૂલાતની ઝુંબેશને વધુ તીવ્ર બનાવી બાકી લેણાંની કડક વસૂલાત કરવા સંબંધિત અધિકારીઓને સ્પષ્ટ આદેશો આપવામાં આવ્યા હતા. બીજી તરફ, આગામી કેન્દ્રીય સ્વચ્છતા સર્વેક્ષણમાં સુરતનું પ્રથમ સ્થાન જાળવી રાખવા માટે કમિશનરે અત્યારથી જ કમર કસી છે. તમામ ઝોનલ વડાઓને ડોર-ટુ-ડોર ગાર્બેજ કલેક્શન સિસ્ટમને વધુ સુદૃઢ બનાવવા અને સફાઈના પ્રોટોકોલનું ચૂસ્ત પાલન કરવા સૂચના અપાઈ છે. વર્ષ 2026-27ના ડ્રાફ્ટ બજેટમાં સ્પોર્ટ્સ પોલિસી અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર પર વિશેષ ભાર મૂકતા કમિશનરે લિંબાયત અને વરાછા ઝોનમાં બિનકાર્યરત સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સને તાત્કાલિક રિપેર કરી જનતા માટે ખુલ્લા મૂકવા તાકીદ કરી હતી. આ સાથે જ શહેરમાં નવા પે એન્ડ પાર્ક પ્રોજેક્ટ્સ અને સ્પોર્ટ્સ સુવિધાઓ વધારવા અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.

# મેડિકલ રિપ્રેઝન્ટેટીવે મહિલા તબીબને 58 લાખમાં છેતર્યા

**આયુર્વેદિક** કંપનીમાં રોકાણમાં મોટા નફાની લાલચ આપી રકમ પડાવી લીધી અને હાથ ઊંચા કરી દીધાં

સુરતઃ સરથાણાની મહિલા ડોક્ટર સાથે આયુર્વેદિક કંપનીમાં રોકાણ કરાવવાના બહાને લાખો રૂપિયાની છેતરપિંડી થયાનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે.

સરથાણા યોગીચોક નજીક સ્વસ્તિક પ્લાઝામાં ક્લિનિક ધરાવતા ડૉ. મિતલબેન વિપુલભાઈ રાખોલીયાને, વર્ષ 2022 દરમિયાન તેમના ક્લિનિક પર નિયમિત આવનારા મેડિકલ રિપ્રેઝન્ટેટિવ મુકેશ છગનભાઈ ઉકાણી (રહે. સંગના સોસાયટી, શ્યામધામ ચોક)એ 'નોરવેલા આયુર્વેદિક કંપની'માં રોકાણ કરવાની ઓફર મૂકી હતી.

આરોપીએ ટૂંકા ગાળામાં મોટો નફો મળશે તેવી ખાતરી આપીને વિશ્વાસ જીત્યો હતો.

શરૂઆતમાં નાના હપ્તામાં રકમ લઈ, બાદમાં મોટી અમાઉન્ટ માંગતા ડૉક્ટરે કુલ 65 લાખથી વધુ રકમ અલગ-અલગ તબક્કામાં ચૂકવી હતી. આરોપીએ આમાંથી માત્ર 7 લાખ રૂપિયા નફા તરીકે પરત આપ્યા હતા, જ્યારે બાકી 58 લાખ રૂપિયા પરત કરવાની ખાતરી સાથે પ્રોમિસરી નોટ પણ આપી હતી. સમય જતાં નાણાં પરત ન મળતાં ડૉ. મિતલબેનને શંકા જાગી હતી. વારંવાર માંગણી છતાં યોગ્ય જવાબ ન મળતા આખરે તેમણે સરથાણા પોલીસ મથકે વિશ્વાસઘાત અને છેતરપિંડી અંગે લેખિત ફરિયાદ નોંધાવી છે.

# વરાછામાં 630 કેરેટ હીરાના રૂપિયા નહીં ચૂકવનાર ઝડપાયો

સુરતઃ વરાછાના ડાયમંડ વર્લ્ડમાંથી ૬૩૦.૦૧ કેરેટ હીરા લઈ ચૂકવણી નહીં કરવા મામલે નોંધાયેલા છેતરપિંડીના ગુનામાં પોલીસે મુખ્ય આરોપી કપીલ વિનોદભાઈ ગુંદીગરાની ધરપકડ કરવામાં આવી છે.

અલથાણ સિટી લાઈટ રોડ સ્થિત મેઘના રો-હાઉસ, બંગલા નં. ૬માં રહેતા નીલેશભાઈ મધુભાઈ સુખડિયા (ઉં.વ.૪૬, ધંધો હીરા વેપાર)એ નોંધાવેલી ફરિયાદ મુજબ ગત તા. ૩૧/૧૨/૨૦૨૪થી તા. ૧૭/૦૧/૨૦૨૫ દરમિયાન વરાછા મીની બજારમાં આવેલી ડાયમંડ વર્લ્ડ સી-વિંગની ઓફિસ નં. ૫૦૪ "રુદ્રમ જ્વેલ્સ"માંથી ૬૩૦.૦૧ કેરેટ હીરા આરોપીઓએ દલાલી હેતુસર મેળવ્યા હતા. પરંતુ હીરા પરત ન આપતા કે તેનું પેમેન્ટ નહીં ચૂકવતા વેપારી સાથે છેતરપિંડી આચરવામાં આવી હોવાનું સામે આવ્યું હતું. આ મામલે પોલીસે આરોપી કપીલ વિનોદભાઈ ગુંદીગરા (ઉં.વ.૨૭, ધંધો હીરા દલાલી, રહે., સિલ્વર પ્લાઝા એપાર્ટમેન્ટ, લક્ષ્મી હોટલની પાછળ, હીરાબાગ, સુરત, મૂળ ૮, હંસરાજ સોસાયટી, રાજકોટ)ની પોલીસે ધરપકડ કરી છે. કેસમાં અન્ય એક આરોપી કરણભાઈ શાહ (રહે., વિશ્રાંતિ એપાર્ટમેન્ટ, ચિલ્ડ્રન પાર્ક બાજુ, અડાજણ)નો પણ સમાવેશ થાય છે, જેના સંદર્ભે અશ્વિનીકુમાર પોલીસ વધુ તપાસ કરી રહી છે.

## શહેરની શાળા કોલેજોમાં બે દિવસ પહેલા જ ધુળેટી રમાઇ ગઇ





હોળી પછી તરત જ ધૂળેટી આવતી હોય છે. જેથી દર વર્ષે શાળા- કોલેજના વિદ્યાર્થી હોળીના દિવસે જ એક બીજાને રંગતા જોવા મળતા હતા પરંતુ આ વખતે વચ્ચે પડતર દિવસ હોવાથી ધૂળેટીના બે દિવસ પહેલા શાળા કોલેજોમાં ધૂળેટીની રંગત જોવા મળી હતી. **(તસવીર : હેમંત ડેરે)**

# નાયલોન યાર્ન પર MIP અને ADDની દરખાસ્ત સામે આક્રોશ

**સ્પીનર્સ** એસોસિએશની 'ખોટી રજૂઆતનો વિવર્સના 12 એસોસિએશનોનો એકસૂરે વિરોધ

6 માર્ચે દિલ્હીમાં યોજાનારી મિટિંગમાં રજૂઆત કરશે

સુરતઃ આયાતી નાયલોન યાર્ન પર મિનિમમ ઈમ્પોર્ટ પ્રાઈસ (MIP) અને એન્ટી ડમ્પિંગ ડ્યુટી (ADD) લાદવાની સ્પીનર્સની દરખાસ્ત સામે સુરતના વીવર્સ સમુદાયે સરકારમાં મોટા પાયે વિરોધ નોંધાવ્યો છે. સચિન ઈન્ડસ્ટ્રિયલ કો.ઓ. સોસાયટીના સેક્રેટરી તથા સુરત શહેર વીવર અગ્રણી મયૂર ગોળવાલાએ દેશભરના 35 જેટલા વીવર્સ એસોસિએશનો અને યાર્ન વપરાશકર્તાઓને ખાનગી ઈ-મેઈલ આઈડી દ્વારા સરકારને પત્ર લખીને પુરાવા સાથે વિરોધ નોંધાવ્યો છે. તેમણે યાદ કરાવ્યું કે જ્યારે પોલીએસ્ટર પર BIS લાગુ કરવામાં આવ્યું ત્યારે ટેક્સટાઈલ ક્ષેત્રમાં કરોડો લોકો બેરોજગાર થયા હતા. આ વખતે પુરાવા સાથેની આંકડાકીય માહિતી સરકાર સમક્ષ મૂકવામાં આવી છે. આગામી 6 માર્ચે DGTRની મિટિંગમાં આ તમામ પુરાવા ફરીથી રજૂ કરવામાં આવશે.

## કેન્દ્ર સરકાર સમક્ષ આ વીવર્સ એસો. અને સંસ્થાઓએ વિરોધ નોંધાવ્યો

૧. નીટર્સ એસોસિએશન ઓફ વેસ્ટર્ન ઈન્ડિયા
૨. સાઉથ ગુજરાત વોર્પ નીટર્સ એસોસિએશન
૩. ગિઝા ઈન્ડસ્ટ્રીઝ લીમીટેડ (હોજીવાલા, સુરત)
૪. સિક્યોર એમ્બ્રોથેડ એન્ડ જરી એસોસિએશન, સુરત
૫. વેડરોડ વીવર્સ એસોસિએશન
૬. મેન મેઈડ સાઈઝર્સ એસોસિએશન, સુરત
૭. સાઈઝર્સ નાયલોન વીવર્સ એસોસિએશન
૮. નેરોફેબ્રિક્સ એસોસિએશન, સુરત
૯. સુરત નાયલોન વીવર્સ એસોસિએશન
૧૦. સચિન ઇન્ડસ્ટ્રિયલ કો.ઓ. સોસાયટી, સચિન
૧૧. જિગીષા ફાઈબર્સ પ્રા. લીમીટેડ, સુરત (યાર્ન વપરાશકર્તા)
૧૨. એલીમેન્ટ નીટ્સ, સુરત (યાર્ન વપરાશકર્તા)
૧૩. પ્રતિમાન ટેક્સટાઇલ (યાર્ન વપરાશકર્તા)
૧૪. નિશાંત માર્કેટિંગ (યાર્ન વપરાશકર્તા)

# અલથાણમાં BRTS રૂટમાં ટેમ્પો અને બસ વચ્ચે અકસ્માત

**BRTS** કોરિડોરમાં ખાનગી વાહનો માટે પ્રતિબંધ માત્ર કાગળ પર



સુરતઃ સુરત શહેરમાં બીઆરટીએસ કોરિડોરમાં ખાનગી વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ હોવા છતાં વાહનચાલકો બેફામ રીતે નિયમોનું ઉલ્લંઘન કરી રહ્યા છે. રવિવારે બપોરે જહાંગીરપુરાથી અલથાણ ટર્મિનલ રૂટની બસ કૈલાશનગર બીઆરટીએસ રેલિંગ પાસે પસાર થઈ રહી હતી, ત્યારે પ્રતિબંધિત કોરિડોરમાં ગેરકાયદેસર રીતે ઘુસી આવેલા એક ટેમ્પો ચાલકે બસને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માત એટલો ભયાનક હતો કે બસના આગળના ભાગના કાચ તૂટીને રસ્તા પર વેરવિખેર થઈ ગયા હતા. ટેમ્પોચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતા સર્જાયેલા આ અકસ્માતને પગલે સ્થળ પર ભારે હોબાળો મચી ગયો હતો.

અકસ્માતની જાણ થતાં જ રૂટ સુપરવાઈઝર ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. સમગ્ર ઘટનાના સીસીટીવી ફૂટેજ સામે આવ્યા છે, જેમાં સ્પષ્ટ દેખાય છે કે પ્રતિબંધિત રૂટ હોવા છતાં ટેમ્પોચાલક પૂરઝડપે રોંગ સાઈડમાં આવી રહ્યો હતો અને તેની બેદરકારીને કારણે બસને મોટું નુકસાન થયું હતું.

સદનસીબે, આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. તંત્ર દ્વારા સીસીટીવી ફૂટેજના આધારે બસને નુકસાન પહોંચાડનાર ટેમ્પોચાલક વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. આ ઘટનાએ ફરી એકવાર બીઆરટીએસ કોરિડોરમાં ખાનગી વાહનોના જોખમી પ્રવેશ સામે સુરક્ષાના પ્રશ્નો ઊભા કર્યા છે.

# વીઆર મોલ સામે હાર્મની એપાર્ટમેન્ટના ફ્લેટમાં આગ

**રવિવારની** રજામાં પરિવાર બહાર ગયો ને ઘરનો સામાન બળીને ખાખ

સુરતઃ શહેરમાં ઉનાળાની શરૂઆત પૂર્વે જ એસીમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગવાની ઘટનાઓ સામે આવી રહી છે. રવિવારે મોડી રાત્રે શહેરના પોશ ગણાતા વેસુ વિસ્તારમાં વીઆર મોલની સામે આવેલા હાર્મની એપાર્ટમેન્ટમાં એક ફ્લેટમાં આગ લાગતા અફરાતફરી મચી ગઈ હતી. સદનસીબે, આ ઘટના સમયે પરિવાર બહાર હોવાથી મોટી જાનહાનિ ટળી હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર, વેસુ ડુમસ રોડ પર સ્થિત હાર્મની એપાર્ટમેન્ટના બી-વિંગમાં ચોથા માળે ફ્લેટ નંબર 403 માં રાજેશભાઈ શાહ પોતાના પરિવાર સાથે રહે છે. રવિવારની રજા હોવાથી તેઓ તેમનો ફ્લેટ બંધ કરીને પરિવાર સાથે બહાર ગયા હતા. જોકે, ભૂલથી બેડરૂમનું એસી ચાલુ રહી ગયું હતું. મોડી રાત્રે આ એસીમાં અચાનક શોર્ટ સર્કિટ થવાને કારણે આગ ફાટી નીકળી હતી. બંધ ફ્લેટમાંથી ધુમાડાના ગોટેગોટા બહાર આવતા આસપાસના રહીશો જાગી ગયા હતાં. ફાયર વિભાગને ઘટનાની જાણ કરાતા ફાયરની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. ફાયર ફાઈટરોએ સતત પાણીનો મારો ચલાવી ગણતરીની મિનિટોમાં આગ પર કાબૂ મેળવી લીધો હતો, જેથી આગ અન્ય ફ્લેટમાં પ્રસરતા અટકી હતી. આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ આગને કારણે બેડરૂમમાં રહેલું એસી, ટીવી, પલંગ અને ગાદલા સહિતનો સામાન બળીને ખાખ થઈ ગયો હતો.



# પીપલોદમાં તબેલામાં આગ, તમામ ભેંસોને બચાવી લેવાઈ

**ઘાસ** કાપવાના મશીનમાં શોર્ટ સર્કિટથી લાગેલી આગ ચારામાં ફેલાઇ જતા ભીષણ બની

સુરતઃ પીપલોદમાં એસવીએનઆઈટી કોલેજની સામે એક ભેંસના તબેલામાં ઘાસચારો કાપવાના મશીનમાં થયેલા શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હતી. એસવીએનઆઈટી કોલેજની સામે યથાર્થભાઈ આહિરના ભેંસોના તબેલામાં બપોરે અંદાજે 2:30 કલાકે તબેલામાં ઘાસ કાપવાના ઈલેક્ટ્રિક મશીનમાં અચાનક શોર્ટ સર્કિટથી આગ લાગી હતી. તબેલામાં પશુઓ માટેના ઘાસચારાને કારણે આગ ખૂબ જ ઝડપથી પ્રસરવા લાગી હતી. તબેલાના માલિકો અને ત્યાં હાજર લોકોએ તબેલામાં બાંધેલી ભેંસોને તાત્કાલિક છોડી મૂકીને સુરક્ષિત સ્થાને ખસેડી હતી. પશુપાલકોની આ સતર્કતાને કારણે મૂંગા પશુઓનો આબાદ બચાવ થયો હતો અને કોઈ જાનહાનિ થઈ ન હતી.

બનાવની જાણ થતા જ વેસુ અને મજુરા ફાયર સ્ટેશનનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. ફાયર ઓફિસર કિશોર પટેલે જણાવ્યું હતું કે, ઘાસચારો સૂકો હોવાને કારણે આગ ઝડપથી ફેલાઈ હતી, પરંતુ અમારી ટીમે સતત પાણીનો મારો ચલાવીને આગને કાબૂમાં લીધી હતી.

# 'તારા દુશ્મનો ઘણાં છે, એટલે રૂપિયા ટકતાં નથી

**આંતરરાજ્ય** 'મદારી ગેંગ'ના બે પકડાયા, 21 ગુનાનો ચિઠ્ઠો ખૂલ્યો

સુરતઃ લોકોને વાતોમાં ભોળવી કિંમતી દાગીના પડાવી લેતી રીઢા ગુનેગારોની 'મદારી ગેંગ'નો સુરત શહેર ક્રાઈમ બ્રાંચે પર્દાફાશ કર્યો છે. પોલીસે આ ગેંગના બે સાગરીતને ઝડપી પાડી ગુજરાત અને મહારાષ્ટ્રના કુલ ૨૧ જેટલા ગુનાઓના ભેદ ઉકેલી નાંખ્યા છે. પકડાયેલા આરોપીઓ પાસેથી પોલીસે સોનાની માળા, વીંટી અને કાર સહિત કુલ રૂ. ૮.૭૧ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો છે.

આરોપી રાજેશનાથ ઉર્ફે રાજલો બાબુનાથ મદારી (રહે. કપડવંજ, જી. ખેડા) અને અશોકકુમાર ગમનારામ ચૌધરી (રહે. સીરોહી, રાજસ્થાન) જ્યોતિષની વાતોમાં લોકોને ફસાવતા હતા. મુખ્ય આરોપી રાજેશનાથ સાધુનો વેશ ધરતો, જ્યારે અશોક ચૌધરી કાર ડ્રાઈવર બનીને સાથે રહેતો.

તેઓ બજાર કે ધાર્મિક સ્થળો પાસે ભોળા લોકોને આશ્રમ કે ગૌશાળાનું સરનામું પૂછવાના બહાને રોકતા હતા. ત્યારબાદ, 'તારા દુશ્મનો ઘણાં છે, રૂપિયા ટકતા નથી' જેવી જ્યોતિષી વાતો કરી લોકોને વિશ્વાસમાં લેતા અને હિપ્નોટાઈઝ કરી 'ભંડારા' કે 'દાન'ના બહાને પહેરેલા દાગીના ઉતારાવડાવી રફુચક્કર થઈ જતા હતા.

## પ્રાણી ક્રૂરતા અધિનિયમ લાગુ પડતા મદારીનો ખેલ છૂટી ગયો, તો ઠગબાજ બની ગયો

મદારી રાજેશનાથે પોલીસ તપાસમાં જણાવ્યું હતું કે, પ્રાણી ક્રૂરતા અધિનિયમ લાગુ પડતા મદારીના ખેલ છૂટી જતા તે મંદીમાં સપડાયો હતો. મંદીથી કંટાળી તેણે લોકોને આ રીતે ઠગાવાનું શરૂ કર્યું હતું. તે ત્રણ વખત પકડાઈ ચૂક્યો છે અને જેલવાસ ભોગવ્યો છે. જ્યારે ક્રાઇમ બ્રાંચ સમક્ષ તેણે સુરત, આણંદ, લુણાવાડા, કડોદરા, કામરેજ અને મહારાષ્ટ્રમા કુલ 19 ગુના આચર્યા હોવાની કબૂલાત કરી છે.

## લૂંટ કરીને ભાગતી વખતે પોલીસ પકડે નહીં તે માટે પોલીસ લખેલી નંબર પ્લેટ રાખતા

ઠગ રાજેશનાથ કારમાં પોલીસ લખેલી નેમ પ્લેટ રાખતો હતો. જ્યારે કોઇને શિકાર બનાવે ત્યારે ભાગતી વખતે પોલીસ પકડે નહીં તે માટે વેશ બદલી નાંખતા હતા અને કારમાં આગળ પોલીસ લખેલી પ્લેટ મૂકી દેતા હતા. ઘટનાની જગ્યાથી 100 કિલોમીટર દૂર ભાગી છૂટતા અને તે વિસ્તારમાં આજ ગાડી લઈ રેકી કરી ફરી લોકોને ઠગતા હતા.

# લાંચ કેસમાં વિપુલ ગણેશવાલા જેલ ભેગો

સુરતઃ સુરત મહાનગરપાલિકાના સસ્પેન્ડેડ કાર્યપાલક ઈજનેર વિપુલ ગણેશવાલાના આજે રિમાન્ડ પૂરાં થતાં કોર્ટમાં રજૂ કરવામાં આવતાં કોર્ટે આરોપીને જેલ કસ્ટડીમાં મોકલી આપવાનો હુકમ કર્યો હતો. લિંબાયત ઝોનમાં ડિમોલિશન રોકવા માટે ૧૫ લાખની લાંચ માંગવાના કેસમાં સસ્પેન્ડેડ કાર્યપાલક ઈજનેર વિપુલ ગણેશવાલાની એસીબી પોલીસે ધરપકડ કરી ત્રણ દિવસના રિમાન્ડ મેળવ્યા હતા. એસીબીએ રિમાન્ડ દરમિયાન આરોપી ધરપકડ ટાળવા ભાગતા ફરતા આરોપીને કોણે આશ્રય આપ્યો? અન્ય અધિકારી કે કમચારી સામેલ છે કે કેમ? એ સહિત સઘન પૂછપરછ કરવામાં આવી છે. આરોપી વિપુલ ગણેશવાલા સાત દિવસ સુધી ધરપકડથી બચવા દક્ષિણ ગુજરાતના ગ્રામ્ય વિસ્તારોમાં છુપાયો હોવાનું પોલીસ પૂછપરછમાં કબુલ્યું હતું. રિમાન્ડ પુરા થતાં આરોપીને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. એસીબી પોલીસ દ્વારા વધુ રિમાન્ડની માંગણી નહીં કરાતાં આરોપી વિપુલ ગણેશવાલાને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપવાનો હુકમ કોર્ટે કર્યો હતો.

# દક્ષેશ્વરનગરથી અલથાણ ખાડી સુધીનાં દબાણોનો સફાયો

સુરતઃ ટ્રાફિક સમસ્યાના નિવારણ માટે દક્ષેશ્વર નગરથી અલથાણ ખાડી સુધીનો મુખ્ય માર્ગ છેલ્લા ઘણા સમયથી લારી-ગલ્લા અને ગેરકાયદે પાર્કિંગના ભરડામાં હતો. રોડ પર પથારાવાળાઓએ કરેલા કાયમી દબાણ અને શોપિંગ કોમ્પ્લેક્સની બહાર પૂરતી પાર્કિંગ વ્યવસ્થાના અભાવે ગ્રાહકો દ્વારા રોડ પર જ વાહનો પાર્ક કરી દેવાતા હતા. આ પરિસ્થિતિને કારણે પિક અવર્સમાં કિલોમીટરો લાંબો ટ્રાફિક જામ સર્જાતો હતો. જેથી પિયુષ પોઈન્ટ થી ડી-માર્ટ સુધીના દબાણો પણ હટાવવામાં આવ્યા હતા. અને પોલીસે 20 ફોર વ્હીલ ને મેમો અને 4 ટુ-વ્હીલર ડીટેઈન કરાયા હતા. દક્ષેશ્વરનગરથી અલથાણ ખાડી સુધીના માર્ગ પર ફૂટપાથ અને રોડ પર નડતરરૂપ દબાણો દૂર કરાયા હતા.

# હોળી આવી ગરમી લાવી, હજુ 3થી 4 ડિગ્રી ગરમી વધશે

**મહત્તમ** તાપમાન 1.1 ડિગ્રી વધીને 34 ડિગ્રી, કાળઝાળ ગરમીની આગાહી

સુરતઃ બે દિવસથી તાપમાન સામાન્ય ઘટ્યા બાદ આજે ફરી વધારો થયો હતો. 4 તારીખ પછી તો કાળઝાળ ગરમીની આગાહી કરવામાં આવી છે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ આજે શહેરનું મહત્તમ તાપમાન ૧.૧ ડિગ્રી વધીને ૩૪ ડિગ્રી સુધી પહોંચ્યું હતું. બીજી તરફ લઘુત્તમ તાપમાનમાં અડધા ડિગ્રીનો ઘટાડો નોંધાયો હતો અને તે ૧૮.૬ ડિગ્રી રહ્યું હતું. હવામાં ૪૩ ટકા ભેજ નોંધાઈ હતી અને ઉત્તર દિશાથી આશરે ૬ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો. સવાર અને સાંજના સમયગાળા દરમિયાન હળવો ઠંડકનો અહેસાસ થયો હોવા છતાં બપોરે તાપમાન ઊંચું જતા લોકો ગરમીનો સામનો કરતા નજરે પડ્યા હતા. હવામાન વિભાગની આગાહી મુજબ આગામી બે દિવસ બાદ શહેરના તાપમાનમાં વધુ ૩થી ૪ ડિગ્રીનો વધારો થવાની શક્યતા છે. જેના કારણે મહત્તમ તાપમાન ૩૭થી ૩૮ ડિગ્રી સુધી પહોંચી શકે છે અને કાળઝાળ ગરમીનો અનુભવ થશે. ગરમીના વધતા પ્રકોપને ધ્યાનમાં રાખીને નાગરિકોને બપોરના સમયગાળામાં અનાવશ્યક બહાર ન નીકળવા, પૂરતું પાણી પીવાનું અને તડકાથી બચવા માટે જરૂરી સાવચેતી રાખવા સૂચન કરવામાં આવ્યું છે. ખાસ કરીને વૃદ્ધો, નાના બાળકો અને બહાર કામ કરતા લોકો માટે ખાસ તકેદારી રાખવી જરૂરી બની રહેશે. તાપમાનમાં સતત વધારો થવાથી હીટ સ્ટ્રોક, ડિહાઇડ્રેશન અને થાક જેવી સમસ્યાઓ ઊભી થવાની શક્યતા વધી શકે છે. તબીબો દ્વારા હળવા અને સૂતિ કપડાં પહેરવા, માથા પર ટોપી અથવા કપડો રાખવા અને તાજા ફળ-શાકભાજીનો સમાવેશ કરવાનું સૂચન આપવામાં આવ્યું છે. આ રીતે માર્ચની શરૂઆત સાથે જ સુરતમાં ઉનાળાની તીવ્રતા ધીમે ધીમે વધી રહી છે અને આવનારા દિવસોમાં ગરમી વધુ કડક બની શકે તેવા સંકેતો મળી રહ્યા છે.


## વાપી મહાનગરપાલિકા- વાપી

૩૯૬૧૯૧, તા- વાપી, જી. વલસાડ
(વહીવટી શાખા)

વાપી મહાનગરપાલિકા-વાપી, વાપી ટાઉન પોલીસ સ્ટેશન પાસે,વાપી-૩૯૬૧૯૧, તા-વાપી, જી.વલસાડ, ટે.નં. (૦૨૬૦) ૨૪૬૩૩૭૮ તરફથી યોગ્ય લાયકાત ધરાવતા અનુભવી કાર્ય કરવાની ઇચ્છા ધરાવનાર તથા સરકાર માન્યતા પ્રાપ્ત ઇજારદારશ્રી પાસેથી નીચે મુજબના કામો માટે ઓન લાઈન ભાવો મંગાવવામાં આવે છે. ટેન્ડરની વધુ વિગતો વાપી મહાનગરપાલિકા-વાપી કચેરીએ ઓફિસ સમય દરમ્યાન જોવા મળશે. તેમજ ઓનલાઇન https://vapimunicipality.nprocure.com, https://www.nprocure.com and tender.nprocure.com website ઉપર જોવા મળી શકશે. તેમજ દરેક કામનું કવર અલગથી સિલબંધ કવરમાં મોકલવાનું રહેશે. તથા કવર ઉપર કામનું નામ ટેન્ડર આઇ.ડી. અને વહીવટી શાખાનુ નામ અવશ્ય લખવાનું રહેશે. ભાવપત્રક ખોલવા કે ના ખોલવા તથા મંજુર કરવા કે નામંજુર કરવાનો હક્ક વાપી મહાનગરપાલિકા-વાપીને અબાધિત રહેશે. જે માટે કોઇપણ કારણો આપવામાં આવશે નહિ.

| અ. નં. | કામનું નામ | ૧. અંદાજીત કિંમત<br>૨. ટેન્ડર ફી | ૩. ઇએમડી<br>૪. સમય મર્યાદા |
|---|---|---|---|
| ૧ | સને ૨૦૨૬-૨૦૨૭ ના વાર્ષિક ભાવે વાપી મહાનગરપાલિકા માટે ડિઝાઇન કરી પ્રીન્ટ કરી પ્રિન્ટેડ સ્ટેશનરી માલસામાન સાથે પૂરી પાડવાનું કામ | 1. Rs 20,00,000/-<br>2. Rs.1500/-<br>(18% GST)-270<br>Total- 1770/- | 3. Rs.60,000/-<br>4. 12 Months |
| ૨ | સને ૨૦૨૬-૨૦૨૭ ના વાર્ષિક ભાવે વાપી મહાનગરપાલિકા માટે બેનર, હોર્ડીંગ્સ, સ્ટિકર, તકતી વિગેરે માલસામાન, મજૂરી, લગાવવા સહિતનું કામ | 1. Rs.20,00,000/-<br>2. Rs.1500/-<br>(18% GST)-270<br>Total- 1770/- | 3. Rs.60,000/-<br>4. 12 Months |
| ૩ | સને ૨૦૨૫-૨૬ના વાર્ષિક ભાવે વાપી મહાનગરપાલિકા માટે ડેકોરેટિવ મંડપ માલસામાન ભાડેથી કામગીરી કરવાનું કામ | 1. Rs.30,00,000/-<br>2. Rs.2500/-<br>(18% GST)-450<br>Total-2950/- | 3. Rs.90,000/-<br>4. 12 Months |
| ૪ | સને ૨૦૨૬-૨૦૨૭ ના વાર્ષિક ભાવે મહાનગરપાલિકા માટે સ્ટેશનરી માલસામાન પૂરી પાડવાનું કામ | 1. Rs.20,00,000/-<br>2. Rs.1500/-<br>(18% GST)-270<br>Total-1770/- | 3. Rs.60,000/-<br>4. 12 Months |
| ૫ | Selection of Service Provider for Security Services by deploying required number of security personnel to Safeguard, monitor & maintain security at various locations of Vapi Municipal Corporation | 1. Rs. 150,00,000/-<br>2. Rs.15000/-<br>(18% GST)-2700<br>Total-17700/- | 3. Rs.450,000/-<br>4. 12 Months |
| ઓનલાઈન ટેન્ડર ડાઉનલોડ શરૂ કરવાની તારીખ | | ૦૩/૦૩/૨૦૨૬ | |
| ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ કરવાની આખરી તારીખ | | ૨૩/૦૩/૨૦૨૬ ૧૭.૦૦ કલાક સુધી | |
| ટેકનીકલ બીડ તથા ટેન્ડર ફી, બાનાની રકમ અને અન્ય દસ્તાવેજો માત્ર રજી. પોસ્ટ એડી/ સ્પીડ પોસ્ટથી (રૂબરૂમાં દસ્તાવેજો સ્વીકારવામાં આવશે નહીં) રજુ કરવાની આખરી તારીખ | | ૨૩/૦૩/૨૦૨૬ ૧૭:૦૦ કલાક સુધી | |
| કોઈ વાંધા સૂચન હોય તો મોકલવાની તારીખ | | તા.૧૩/૦૩/૨૦૨૬ સાંજે ૧૭.૦૦ કલાક સુધી vapimun@yahoo.com ઉપર મોકલવાના રહેશે. | |
| પ્રિ બિડ મિટિંગ | | તા.૧૭/૦૩/૨૦૨૬ સાંજે ૧૫.૦૦ કલાકે વાપી મહાનગરપાલિકાની મુખ્ય કચેરી ખાતે | |
| ટેન્ડર ખોલવાની સંભવિત તારીખ | | ૨૪/૦૩/૨૦૨૬ બપોરે ૧૨:૩૯ કલાકે (શક્ય હશે તો) | |

-સહી-
નાયબ મ્યુનિસિપલ કમિશ્નર
વાપી મહાનગરપાલિકા-વાપી

ન. માહિતી/વલસાડ/૯૪૬/૨૦૨૬